ડીસાના હેપ્પી ઈવેન્ટ પાર્ટી પ્લોટ આગળ મુકેલી હોન્ડા સિટી કારમાંથી ૩.૧૫ લાખના મુદ્દામાલની ચોરી

અજાણ્યા શખ્સે ગાડીની ડીકી ખોલી ૨.૫૦ લાખ રોકડ અને સોનાની લક્કી લઈ ફરાર

બનાસકાંઠા ના ડીસા માં ચોરી ની ઘટના ઓ માં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે ઘરફોડ ચોરી સાથે તસ્કરો હવે લગ્ન જેવા પ્રસંગે પણ પોતાનો કસબ અજમાવી રહ્યા છે ત્યારે ડીસા-પાલનપુર હાઈવે પરના ભોયણ નજીક આવેલ હેપ્પી ઈવેન્ટ પાર્ટી પ્લોટ આગળ પાર્ક કરેલી હોન્ડા સિટી કારમાંથી ૨૦ દિવસ અગાઉ કોઈ અજાણ્યો ઈસમ કારની ડિકી તોડી રૂ. ૨.૫૦ લાખ રોકડ અને રૂ. ૬૫ હજારની કિંમતની સોનાની લક્કી મળી કુલ ૩.૧૫ લાખની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

આ ચોરી અંગેની વિગત એવી છે કે ડીસા શહેરની રાજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા અને ડીસા નગરપાલિકા કચેરી પાસે આવેલ ખુશ્બુ શોપિંગ સેન્ટરમાં રાધે જવેલર્સ નામની દુકાન ધરાવતા યોગેશકુમાર કાંતિલાલ સોનીની દીકરી પ્રાચીના લગ્ન પ્રસંગ હોય ગત તારીખ ૧૮ જાન્યુઆરી ના બપોરના એકાદ વાગ્યાના સુમારે પોતાના પરિવાર સાથે ડીસા-પાલનપુર હાઈવે પરના ભોયન પાટિયા નજીક આવેલ હેપ્પી ઈવેન્ટ પાર્ટી પ્લોટ માં ગયા હતા. જે દરમ્યાન તેમના નાના ભાઈ સત્યમ સોની પણ પોતાની જીજે-૦૮-એજે-૪૧૮૬ નંબરની હોન્ડા સીટી કાર લઈને આવ્યા હતા. આથી બન્ને ભાઈઓએ પોતાની કાર પાર્ટી પ્લોટ કમ્પાઉન્ડમાં પાર્ક કરી યોગેશકુમાર સોનીએ રોકડ તેમજ દાગીના ભરેલ લેડીઝ થેલો પોતાની ગાડીમાં મૂકી ગયા હતા. . જો કે, સાતેક વાગ્યાના સુમારે બેન્ડવાજા વાળાને પૈસા આપવાના ભાઈ હોય યોગેશકુમાર સોની ગાડીમાં થેલો લેવા આવતા ડીકી ખુલ્લી જોઈ ગાડીમાં તપાસ કરતા થેલો કોઈ ઉઠાવી ગયું હોવાની જાણ થતાં જ તેઓ ગભરાઈ ગયા હતાં. ચોરી અંગે આસપાસમાં તપાસ કરતા કોઈ ભાળ મળી ન હતી.

આથી યોગેશકુમાર સોનીએ પોતાની ગાડીની ડીકીમાથી રૂપિયા ૨.૫૦ લાખ રોકડા અને રૂપિયા ૬૫ હજારની કીમતની સોનાની લક્કી મળી કુલ રૂપિયા ૩.૧૫ લાખના મુદામાલ ની ચોરી થયા અંગે ડીસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી. આ અંગેની વધુ તપાસ હે.કો. રાજુભાઇ બારોટ ચલાવી રહ્યાં છે.

પાર્ટી પ્લોટના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં

ડીસા પાલનપુર હાઈવે પર આવેલ હેપ્પી ઈવેન્ટ પાર્ટીપ્લોટમાં ૨૦ દિવસ અગાઉ લગ્ન પ્રસંગ દરમિયાન અજાણ્યો શખ્સ ગાડીની ડીકીમાથી લાખો રૂપિયાની મતા ઉઠાવી ગયો છે. ત્યારે પોલીસે તપાસ કરતા હેપ્પી ઈવેન્ટ પાર્ટીપ્લોટના સીસીટીવી કેમેરા જ બંધ હાલતમાં જોવા મળ્યા હતા.

છોટા ઉદેપુરમાં આદિવાસીનું સજ્જડ બંધ

એલઆરડી ભરતીમાં આદિવાસીને અન્યાયને લઇને લડત હિંસક બને તેવા સંકેત : સરકાર પર દબાણ લાવવા પ્રયાસો

લોકરક્ષક દળની ભરતીમાં રાઠવા સમાજના ઉમેદવારોને ઉચ્ચ મેરિટ હોવા છતાં પસંદગી નહી કરાતા છોટાઉદેપુર જિલ્લામાં સમસ્ત આદિવાસી રાઠવા સમાજ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેને પગલે આજે છોટાઉદેપુર જિલ્લાના રાઠવા સમાજની વસ્તી ધરાવતા તમામ વિસ્તારોમાં બંધની જબરદસ્ત અસર જોવા મળી હતી. બોડેલી પાસે વડોદરા-છોટાઉદેપુર ટ્રેનને રોકીને યુવાનો-મહિલાઓએ ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. આદિવાસીઓ મહિલાઓએ ભાજપ સરકારને આક્રોશભરી ચીમકી આપી હતી કે, જો સરકાર આદિવાસીઓને ન્યાય નહી આપે તો તેમની લડત હિંસક બની શકે છે, તેથી હવે સરકાર માટે આગામી સમય કટોકટીનો છે. છોટાઉદેપુર-પાવીજેતપુર રોડ ઉપર રાઠવા સમાજના લોકોએ આજે ઉગ્ર આંદોલન કર્યું હતું. આ સમયે છોટાઉદેપુર એસ.પી. એમ.એસ. ભાભોરની ગાડી રોકીને વિરોધ કર્યો હતો. એસ.પી. લોકોએ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાઠવા સમાજના લોકો અને મહિલાઓએ સૂત્રોચ્ચારો કરીને વિરોધ કર્યો હતો. જેથી આદિવાસીઓનો આક્રોશ જોઈને એસ.પી.ને ખુદ પરત ફરવુ પડ્યું હતું. યુવાનોએ રસ્તાઓ ઉપર ટાયરો પણ સળગાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. જેને પગલે વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. તો સમગ્ર રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કે, પોલીસે સ્થળ પર પહોંચીને વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. છોટાઉદેપુર જિલ્લામાં બંધને પગલે સાવચેતીના ભાગરૂપે બોડેલી અને છોટાઉદેપુર ડેપો દ્વારા બસની તમામ ટ્રીપો બંધ રાખવામાં આવી હતી. જેને પગલે અનેક મુસાફરો અટવાઈ ગયા હતા. આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાની શાળાઓમાં ધો-૧૧ અને ૧૨ની પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી હતી. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી રાઠવા સમાજ દ્વારા પછાત જ્ઞાતિના દાખલાને લઈને છેલ્લા ઘણા સમયથી લડત ચલાવવામાં આવી રહી છે. લાંબા સમયથી રાઠવા જ્ઞાતિના આગેવાનોની માંગ છે કે, રાઠવાની આગળ કોળી શબ્દ રાખવામાં આવ્યો છે અને તે વહીવટી ભૂલના કારણે બન્યું છે. જેથી તે ભૂલ સુધારીને રાઠવા સમાજના યુવાનોને નોકરીથી વંચિત ન રાખવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. પરંતુ સરકાર તરફથી કોઈ ન્યાય નહીં મળતા હવે આદિવાસી રાઠવા સમાજે આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે અને છોટા ઉદેપુર જિલ્લામાં સજ્જડ બંધ પાળી આદિવાસીઓએ સરકારને ગર્ભિત ચીમકી આપી દીધી હતી.

ખેડબ્રહ્માના શ્યામનગરમા વિશ્વકર્મા મંદિરનો પાંચમો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્માના શ્યામનાગર ખાતે વિશ્વકર્મા ધામમા બિરાજમાન ભગવાન વિશ્વકર્મા, માં ચામુંડા અને ભગવાન શનિ મહારાજનો પાંચમો પાટોત્સવ શુક્રવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ પાટોત્સવમાં સવારે ૨૪ જોડાએ મહાપૂજાનો લાભ લીધો હતો. મા ચામુંડાની મહાપૂજા જયશ્રીબેન કાંતિલાલ સુથાર, વિશ્વકર્મા ભગવાનની પૂજા હિનાબેન અશ્વિનકુમાર સુથાર અને શનિ મહારાજની પૂજા જતીનકુમાર અમૃતલાલ સુથારે ધર્મલાભ લીધો હતો.

ત્યારબાદ મા રાંદલનો ઘોડો ખુંદવામાં આવ્યો હતો. સમગ્ર પાટોત્સવની પુજા વિધિ શાસ્ત્રી ભરતકુમાર જોશી, માર્કંડકુમાર જોશી, કશ્યપકુમાર જોશી દ્વારા કરવામાં આવી.

આ પ્રસંગે મહા પ્રસાદ ના દાતા તરીકે હીરાબેન ગૌરીશંકર સુથાર અને પાર્વતીબેન કાંતિલાલ સુથારે લાભ લીધો હતો. સમારંભના અંતે સમાજના પ્રમુખ પરશોતમદાસ સુથાર અને ટ્રસ્ટના પ્રમુખ મણીભાઈ સુથારે સમાજના લોકોને આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે, યુવા ગ્રુપના પ્રમુખ પ્રકાશભાઈ સુથાર તથા સદસ્યો અને મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ફુડ સ્ટ્રીટનું આખરે ઉદઘાટન કરાયું : અનેક સ્ટોલ મુકાયા

અમદાવાદ શહેરના લો ગાર્ડન વિસ્તારમાં ખાસ સ્વાદ અને હાજેનિક ભોજનના ઉદેશ્ય સાથે હેરિટેજ આધારે હેપ્પી સ્ટ્રીટ ફુડ પ્લાઝાનું આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉદઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આનુ લોકાર્પણ કરવામાં આવ્યા બાદ અહીં સ્વાદની મજા પણ માંણી હતી. હવે જે વેપારી હવે સ્ટોલ લગાવવા માટે ઈચ્છુક છે તેને મ્યુનિસિપલ કોર્પોરેશનને મહિને ૯૦ હજાર રૂપાણીનું ભાડુ ચુકવવાનું રહેશે. ઉદઘાટનના એક દિવસ પહેલા ગુરુવારના દિવસે અમદાવાદના મેયર બિઝન પટેલ અને મનપા કમિશ્નર વિજય નહેરા આને જોવા માટે પહોંચ્યા હતા અને નિરિક્ષણ કર્યું હતું. એ વખતે શાસક પક્ષના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આશરે સાડા આઠ કરોડના ખર્ચ સાથે હેરિટેજ અંદાજમાં તૈયારી કરવામાં આવેલી આ સ્ટ્રીટમાં અનેક વિશેષતા રહેલી છે. અહીં રાત્રે ભોજનની મજા માણી શકાશે. દિવસમાં લોકો પાર્કિંગ કરી શકશે. પ્રાપ્ત માહિત મુજબ હવે દરરોજ સાંજે છ વાગ્યાથી રાત્રે એક વાગ્યા સુધી ફુડ વેન રૂપમાં સ્ટોલ રહેશે અને દિવસમાં સ્ટોલ ખાલી કરી દેવા પડશે. આ સ્ટ્રીટને વિતેલા વર્ષોમાં

લોકો ખાઉ બજાર તરીકે ઓળખતા હતા પરંતુ આને હવે નવા રંગરૂપ સાથે રજુ કરવામાં આવ્યા બાદ તે લોકોમાં જોરદાર આકર્ષણ જમાવશે. મોડી રાત સુધી આ હેપ્પી સ્ટ્રીટ ખુલ્લી રહેશે. જેથી રાત્રે એક વાગ્યા સુધી શહેરમાં વ્યસ્ત રહેતા લો ગાર્ડન વિસ્તારમાં જુદા જુદા ભોજનની મજા માંણી શકશે સાથે સાથે અન્ય ચીજવસ્તુઓ અહીં મળી શકશે. હેપ્પી સ્ટ્રીટની અનેક વિશેષતાઓ રહેલી છે. જનરલ પાર્કિંગની વાત કરવામાં આવે તો એનસીસી સર્કલથી ચકલી સર્કલ, ચકલી સર્કલથી લો ગાર્ડન સર્કલ, ઠાકોરભાઈ દેસાઈ હોલથી જજીસ બંગલા સુધી વ્યવસ્થા રહેશે. ખાણી પીણીની ચીજવસ્તુઓ ધરાવતી આધુનિક ફુડ વાન અહીં રહેશે. મોર્ડન હાઈજેનિક ફુડ સ્ટ્રીટનું લોકાર્પણ આજે મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. લો ગાર્ડનની કમ્પાઉન્ડ વોલની ડિઝાઈન હેરિટેજ થીમ પર આધાર રાખવામાં આવી છે.

પ્રાંતિજના સીતવાડા બોરીયા ખાતે પુત્રની બારમી પૂણ્યતિથિ નિમિત્તે સમાજલક્ષી કાર્યક્રમો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા

સીતવાડા ગામે પુત્રની બારમી પૂણ્યતિથિ નિમિત્તે જાયન્ટસ ગૃપના સહયોગથી પરિવાર દ્વારા ગામની દિકરીઓના કુંમકુમ પગલાં પાડી સર્ગભા મહિલાઓને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું સાથે ભજન કિર્તન કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજના સીતવાડા બોરીયા ગામે રહેતા કાળુસિંહ ગોબરસિંહ રાઠોડ પરિવાર દ્વારા પોતાના પુત્ર ભરતસિંહની બારમી પૂણ્યતિથિ નિમિત્તે પ્રાંતિજ જાયન્ટસ ગૃપના સહયોગથી સમાજલક્ષી અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સીતવાડા બોરીયા ગામમાં રહેતી વીસથી વધુ દિકરીઓને કુમકુમ પગલાં પાડી દિકરીઓને ફોક આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામની સર્ગભા મહિલાઓને પણ પૌષ્ટિક સુખડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. ભજન કિર્તન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાળુસિંહ રાઠોડ તથા પરિવાર દ્વારા સમાજ તથા અન્ય સમાજ માટે પ્રેરણારૂપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડીસામાં વિશ્વકર્મા જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી

ડીસામાં કાર્યરત સુથાર પ્રગતિ મંડળ દ્વારા આજે શુક્રવારે વિશ્વકર્મા મંદિર ખાતે જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે મોટી સંખ્યામાં આસપાસના ગામોના સુથાર સમાજના લોકો પણ ઉમટી પડ્યા હતા તેમજ ડીસા રેલવે સ્ટેશન ખાતે આવેલ પંચાલ સમાજની વાડી ખાતે પણ ડીસામાં વસતા સમસ્ત પંચાલ સમાજના જ્ઞાતિજનો અને પંચાલ નવયુવક મંડળ દ્વારા ભગવાન વિશ્વકર્માની પૂજા અને યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞની પુર્ણાહુતી બાદ ભોજન પ્રસાદ પણ રાખવામાં આવેલ. આ પ્રસંગે સમાજના આગેવાન ભીખાભાઈ વિરાભાઈ પંચાલ, કસ્તુરભાઈ ગોદડભાઈ પંચાલ, સતિષભાઈ પંચાલ, જયંતીભાઈ બેચરભાઈ પંચાલ, રમણભાઈ ધનાભાઈ પંચાલ, દિનેશભાઈ હરિભાઈ પંચાલ સહિતના સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વિશ્વકર્મા જન્મ જયંતિ મોહત્સવ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકામાં શ્રી વિજયનગર તાલુકાના પંચાલ સમાજ ખડક દ્વારા શ્રી વિશ્વકર્મા જન્મ જયંતિ મોહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રી વિશ્વકર્મા ભગવાનની કથાથી કરવામાં આવી હતી. જુની જી.ઈ.બી. ઓફિસ વિજયનગરથી શોભાયાત્રા નીકળી બી.એસ.એન.એલ. કચેરી ત્રણ રસ્તા, બસ સ્ટેન્ડ થઈ માતાજીના ચોક, જુના બજાર, હરણાવ કોલોનીથી હાઈવે સુધી ડી.જે સાથે નીકળી હતી. શ્રધ્ધાળુ ભાવિક ભક્તો ઉલ્લાસભેર જોડાયા હતા.

મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં વિશ્વકર્મા જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી

મહા સુદ તેરસનો દિવસ એટલે દેવોના સ્થપતિ કહેવાતા શ્રી વિશ્વકર્મા ભગવાનની જયંતિનો પર્વ ભગવાન વિશ્વકર્મા સમર્પિત જે આકાશી આર્કિટેક્ટ તરીકે ગણવામાં છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વિશ્વકર્મા જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન વિશ્વકર્માદાદાના મંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જોવા મળતી હતી.

મોડાસા શહેરમાં કડીયાવાડા વિસ્તારમાં આવેલા આવેલા વિશ્વકર્મા મંદિરેથી ભગવાન વિશ્વકર્માની

પાલખીયાત્રા વાજતે-ગાજતે ભક્તિમય ભજન સાથે કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં કડિયા સમાજ સહીત મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા નગરના માર્ગો પર નીકળેલી શોભયાત્રાથી શહેર ભક્તિભાવના રંગે રંગાયું હતું.

ગંદકીનું સામ્રાજ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી રાખવાની મનપાની નીતિ સામે વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે. આ વિસ્તાર મેયરનો મતવિસ્તાર છે પણ મેયર કે અન્ય કાઉન્સીલરો પણ મૌન છે.

વ્હીકલ પુલની જગ્યામાં બનાવાયેલી વોર્ડ કચેરીમાં જવાનો માર્ગ પણ ઘણીવાર હોતો નથી તેથી મનપાના સત્તાધીશો એમ માને છે કે અહિ કોઈ પ્રશ્નો છે જ નહિ. અહિ કચરાપેટીઓ પણ રોડ ઉપર મુકી દેવામાં આવે છે.

એડ્યુકેટર્સ એવોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષક એવોર્ડ બી એડ પી ટી સી ના શિક્ષક એડયુકેટર એવોર્ડ સામાજિક સેવા શૈક્ષણિક એડયુકેટર એવોર્ડ, વિશિષ્ટ એજયુકેશન એડયુકેટર શિક્ષક એવોર્ડ વાલી શૈક્ષણિક , સંચાલક, સંસ્કૃત પાઠશાળાના શિક્ષક સંસ્થા એવોર્ડનો સમાવેશ થાય છે. દર વર્ષે આ એવોર્ડ સમારંભ અલગ અલગ શહેરમાં યોજવમાં આવે છે. આ વર્ષે તા ૮ ફેબ્રુઆરીના રોજ આ સમારંભ સાંજે ૪ કલાકે સરગાસણ સ્થિત કામેશ્વર ઈન્ટરનેશલ સ્કુલમાં યોજાશે. જયારે સંસ્કૃત શિક્ષકોના કાર્યને પ્રોત્સાહીત કરવા માટે નવા બે વિભાગો પણ આ વર્ષે ઉમેરવામાં આવ્યા છે. જયારે આ એવોર્ડને અનુલક્ષી પસંદગીની પ્રક્રીયા વિવિધ ચાર તબક્કામાં વહેંચવામાં આવી છે. જેમાં પ્રથમ તબકકામાં શાળા પોતે શિક્ષકોનુ નામાંકન કરે છે. નામાંકિતોની યાદી તૈયાર થયા બાદ સમારંભના આગળના દિવસે સ્થળ પર પસંદગી કરાયેલા ઉમેદવારને રજુઆત માટે બોલવવામાં આવે છે. જયારે દરેક વિભાગ માટે ત્રણ સભ્યોની જયુરી પેનલ ઈન્ટરવ્યુના આધારે એવોર્ડ વિજેતાની પસંદગી કરે છે. જયારે જયુરીમાં પણ જાણીતા અને અનુભવી શિક્ષણવિદોનો સમાવેશ કરવામાં આવે છે. આ વર્ષે એવોર્ડને અનુલક્ષી સમગ્ર રાજયમાંથી ૨૦૪ ઉમેદવારોની નોંધણી થઇ હતી. જયારે આ પૈકી ૪૨ શોર્ટલીસ્ટ કરાયા છે. આ માટે કોઈપણ પ્રકારની આર્થિક લેવડ દેવડ કરવામા આવતી નથી. જયારે એવાર્ડની સાથે યોગ્ય ઉમેદવારને રૂ ૧૧ હજાર રોકડા આપીને સન્માનિત કરવામાં આવે છે. અંગ્રેજી અને ગુજરાતીમાં દર મહીને અને પખવાડીક પ્રકાશિત થતા ધી ઓપન પેજ મોટાભાગની શાળાઓમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગી થતી માહીતી પહોંચાડવાનુ ઉમદા કામ કરે છે. ધી ઓપન પેજના પ્રણેતા ત્રિપદા સ્કુલના એમ ડી અર્ચિત ભટ્ટે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આજના યુગમાં શિક્ષણવિદો છે પરંતુ કેળવણીકારો રહ્યા નથી જેના લીધે સમાજમાં કેળવણીનો અભાવ વર્તાય છે. યુવાપેઢીને વધુ તેજવંતી બનાવવા માટે શિક્ષણ ક્ષેત્રે કાંઈક નવુ અને અસરકારક થાય તે અત્યંત જરૂરી છે. ગાંધીનગરના કડી કેમ્પસમાં ફરજ બજાવતા વર્ષાબેન પારેખ તેમજ સોમભાઈ પટેલને પણ અગાઉ આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સમારંભ પાછળ દર વર્ષે ૮ થી ૧૦ લાખનો ખર્ચ થાય છે. પોતે માને છે કે એવાર્ડથી સમાજમાં શિક્ષણના મુલ્યોનુ ધોવાણ થતુ અટકશે.

૧૯ ઉદ્યાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સેકટરોમાં દાયકાઓના અંતે ઉદ્યાનો ઉજ્જડ બન્યા છે. સેકટરોમાં સ્થિત બગીચાઓ કંગાળ જોવા મળી રહ્યા છે. બાળકો માટેના રમત ગમતના સાધનો પણ તુટી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. એક જમાનામાં પરિવારજનો માટે આનંદ પ્રમોદનુ માધ્યમ બનતા ઉદ્યાનોની રોનક હવા થઇ ગઇ છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોના બગીચાઓ વેરાન હાલતમાં જોવા મળી રહ્યા છે. નગરના સ્થાપના કાળથી સેકટરોમાં બગીચાઓનુ નિર્માણ કરાયુ હતુ. પરંતુ જાળવણીના અભાવે ઉદ્યાનોની હરિયાળી પણ ગાયબ છે. બગીચાઓની જાળવણી માટે પુરતો મેન પાવર પણ નથી ત્યારે હાલ મરણપથારીએ પડેલા ઉદ્યાનોને નિખારવા માટે કોર્પોરેશન દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધી સે-૭,૨૪,૨૭ના ઉદ્યાનનુ કામ પુર્ણ કરાયુ છે. જયારે હાલ સે-૨,૭ અને સે-૯ માં કામગીરી પુર્ણતાના આરે છે. આ ઉપરાંત સ્માર્ટી સીટી અન્વયે સે-૧ માં ઉદ્યાનનુ બાકી કામ તેમજ સે-૧૯, સે-૨૨ સે-૪ અને સે-૮ માં પણ ઉદ્યાનનો નિખારવાની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત શહેરના અન્ય વિવિધ ૧૯ સેકટરોમાં ઉદ્યાનોના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવશે. અંદાજિત રૂ ૧૯ કરોડના ખર્ચે બગીચાઓનુ કામ હાથ ધરાશે. ઉદ્યાનોને નિખારવાની આ યોજના અન્વયે બાળકો માટે રમતગમતના સાધનો , ગઝીફો, તેમજ ગ્રીલવાળી કમ્પાઉન્ડ વોલ અને લાઇટીંગ સહીતનુ કામ હાથ ધરાશે. આ કામગીરીના અંતે સેકટરોમાં સ્થિત ઉદ્યાનોની રોનક નિખરશે. બગીચાઓના નવિનીકરણ માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. વર્ષોથી ઉજ્જડ ઉદ્યાનોની કાયાપલટ કરવાની કામગીરીના અંતે સેકટરોની રોનક નિખરશે. જયારે સેકટરોના પરિવારજનોની માંગ પણ સંતોષાશે. છેલ્લા કેટલાક સમયથી જાળવણીના અભાવે ખંડેર બનતા ઉદ્યાનો અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયા છે. જયારે હવે બગીચાઓના નવિનીકરણના અંતે બાળકોમાં પણ વિશેષ આકર્ષણ છવાશે.

લૂંટના ઈરાદે હત્યા

● પાના પાંચનું ચાલુ

જયેશ નામના માણસે હિંમતનગર જવા માટે ગાડી સાથે બોલાવતાં પોતે તેઓની સાથે પોતાની સદર ઈકો ગાડી લઈ હિંમતનગર થઈ ખેડબ્રહ્મા ગયેલાની હકિકત જણાવી તે દિવસે રસ્તામાં તેઓ બંને મોડાસા નજીકના મેઢાસણ ગામે રહેતા મહેશ સંદીપ શર્માને મેઢાસણથી મહાવીરસિંહ જોધા બાપુની સ્વીફટ ગાડી લઈ બોલાવેલ હોવાની વાતો કરતા હોવાનુ અને હિમતનગર પહોચતાં એક સફેદ કલરની સ્વીફટ ડીઝાયર ગાડી ત્યાં આવેલ હોવાની અને તેઓ ખેડબ્રહ્મા ગયેલ અને તેને પછીથી બોલાવતાં તે પણ ખેડબ્રહ્મા ગયેલ અને તેઓને મળેલ, તે વખતે ખેડબ્રહ્મા ખાતે ફાયરીંગ કરી આંગડીયાવાળાની લુંટનો બનાવ બનેલ પછી આ લોકો સ્વીફટ ડીઝાયર ગાડી લઈ ત્યાંથી નિકળી ગયેલ હોવાનુ અને પોતે પણ ત્યાંથી જતો રહેલ હોવાની હકિકત જણાવેલ હોય ગુન્હાની કબુલાત કરતો હોઈ તેની અંગ જડતી કરતાં તેની પાસેથી રોકડ રકમ રૂ. ૩૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિ. રૂ. ૪,૦૦૦નો મળી આવેલ હોય તે તથા આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ ઈકો ગાડી નં. જીજે-૩૮બી-૬૧૯૫ તથા તેમાંથી મળી આવેલ ઈકો ગાડીની કિ. રૂ.૩,૫૦,૦૦૦ની ગણી કબજે કરેલ હોય તેમજ સદરી ઈસમને ખેડબ્રહ્મા પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૪૧/૨૦૨૦ ઈપીકો કલમ ૩૯૭,૩૦૨ તથા આર્મસ એકટ કલમ ૨૫(૧બી,એ,), ૨૭ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે અટક કરેલ છે. તેમજ આ ગુન્હાના કામે વપરાયેલ સ્વિફટ ડિઝાયર ગાડી પણ કબ્જે કરવામાં આવેલ છે.

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. તમામ ઉમ્મેદવારોનો ભાવિનો ફેસલો કરવા માટે ૧૪૬૯૨૧૩૬ મતદારો ઉત્સુક્ત છે. આ વખતે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા મતદારોમાં જાગૃતિ જગાવવા માટે ચૂંટણી બ્રાંડ એમ્બેસેડર તરીકે રમત ગમત, મીડિયા, ક્લાસિકલ ડ્રાન્સ સહિતના ક્ષેત્રોમાંથી છ સેલેબ્રિટિની પસંદગી કરી હતી. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા આંકડામાંથી જણાવવામાં આવ્યું છે કે, દિલ્હીમાં ૫૮ જનરલ કેટેગરીની સીટો છે જ્યારે ૧૨ અનુસુચિતની સીટો છે. ચૂંટણી આચારસહિતા પહેલાથી જ અમલી બનેલી છે. દિલ્હી ચૂંટણીને ધ્યાનમાં લઈને તમામ તૈયારીઓ પંચ તરફથી કરવામાં આવી છે. ૩૮૦ મોડલ બુથ પર મહિલાઓ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. હાઈવોલ્ટેજ ચૂંટણી પ્રચારનો ગઈકાલે ગુરુવારના દિવસે સાંજે અંત આવ્યો હતો. ચૂંટણી પ્રચારમાં ભારતીય જનતા પાર્ટી તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીયમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સહિત તમામ દિગ્ગજોએ જોરદાર પ્રચાર કર્યો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો.

રંગે હાથ ઝડપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાંચ લેતા પકડી પાડ્યા છે. આ અધિકારી મારી ઓફિસમાં ઓએસી તરીકે હતા. સીબીઆઈએ તેમને તાત્કાલિક સખ્ત સજા અપાવવી જોઈએ. આવા ઘણા ભ્રષ્ટ્ર અધિકારીઓને મેં પોતે ૫ વર્ષમાં પકડાવ્યા છે.

૪૫ બેઠકો મળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાહ ઉપરાંત ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ તેમજ જેપી નડ્ડાને પણ મેદાનમાં ઉતારી દીધા હતા. જાણકાર રાજકીય પંડિતો કહી રહ્યા છે કે અમિત શાહ અને મોદીની રેલી તેમજ યોગીના ઝંઝાવતી પ્રચાર બાદ માહોલ હવે ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં દેખાઈ રહ્યો છે. આખરે અમિત શાહના આવા દાવાના આધાર પાછળ કારણ શુ છે તેની ચર્ચા પણ નિષ્ણાંતો કરી રહ્યા છે. અમિત શાહે દિલ્હીના દરેક વિધાનસભા મતવિસ્તારમાં જોરદાર પ્રચાર કરીને પોતાની તરફેણમાં માહોલ સર્જવાનો પ્રયાસ કર્યોહતો. તમામ નજર હવે પરિણામ પર છે.

નવી શરૂઆત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાને સંબોધનમાં જણાવ્યું કે ૨૧મી સદીમાં આસામમાં નવો સૂરજ ઉગ્યો છે જે નવી પ્રેરણાને વેલકમ કરવા માટે છે. હવે આસામના અનેક સાથીઓએ શાંતિ અને અહિંસાનો માર્ગ સ્વીકારી લીધો છે. આ ઉપરાંત લોકશાહીને સ્વીકારી છે. ભારતના બંધારણને સ્વીકાર્યું છે. હું બોડો લેન્ડ ચળવળનો ભાગ રહેલા તમામ લોકોનું રાષ્ટ્રની મુખ્યધારામાં સામેલ થવા પર તેમનું સ્વાગત કરું છું. પાંચ દાયકા બાદ સંપૂર્ણ સૌહાર્દ સાથે બોડો લેન્ડ ચળવળ સાથે સંકળાયેલા તમામ સાથીઓની અપેક્ષાઓ તેમજ આંકાક્ષાઓને સમ્માન મળશે.

પીએમ મોદીએ જણાવ્યું કે, 'આસામ એકોર્ડ અંતર્ગત મ્છ્ઢમાં આવતા ક્ષેત્રોની હદ નક્કી કરવા માટે કમિશન બનાવાશે. આ ક્ષેત્રને ૧,૫૦૦ કરોડનું વિશેષ વિકાસ પેકેજ મળશે, જેનો લાભ કોકરાઝાર, ચિરાંગ, બક્સા અને ઉદાલગુડિ જેવા જિલ્લાઓને મળશે. હવે સરકારનો પ્રયાસ છે કે આસામ એકોર્ડની કલમ-૬ને પણ ટૂંકમાં લાગુ કરવામાં આવે. હું આસામને આશ્વસ્ત કરવા માંગુ છું કે આ મામલે કમિટી રિપોર્ટ આવ્યા બાદ કેન્દ્ર સરકાર ત્વરિત પગલાં લેશે.'

પૂર્વોત્તરમાં હિંસાને લીધે જે હજારો લોકો પોતાના જ